પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૨૧ | ૧ ફેબ્રુઆરી, ૨૦૧૮, ગુરૂવાર ; મહા વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે કેન્દ્રીય અંદાજપત્ર

**આવકવેરા મુક્તિ મર્યાદા વધવાની અપેક્ષા રાખતા દેશવાસીઓ : કોર્પોરેટ ટેક્સને ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરાશે : મેટને પણ ઘટાડાશે : નોટબંધી અને જીએસટી બાદ અર્થતંત્રમાં આવેલી મંદીને દુર કરવાના પડકાર કૃષિ, આરોગ્ય, ઇડસ્ટ્રીઝ, અન્ય તમામ ક્ષેત્રોમાં પ્રાણ ફુકવાની જાહેરાત થશે**

નવીદિલ્હી,તા. ૩૧

નાણાંપ્રધાન અરૂણ જેટલી આવતીકાલે કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉદ્યોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૧૮-૧૯ માટેનુ સામાન્ય બજેટ રજૂ કરવા જઇ રહ્યા છે. અનેક પ્રકારની લોકોની અપેક્ષા અને અનેક પ્રકારના જટિલ પડકારો વચ્ચે નાણાંપ્રધાન અરૂણ જેટલી બજેટ રજૂ કરશે. બજેટમાં દેશના તમામ વર્ગને રાજી રાખવાની બાબત તેમના માટે સરળ રહેશે નહી.જેટલી મુળભૂત મુક્તિ મર્યાદાને વધારીને ત્રણ લાખ રૂપિયા કરી શકે છે.કંપની કરવેરામાં પણ કાપ મુકી શકે છે. કંપની કરના દરને વર્તમાન ૩૦-૩૪ ટકાથી ઘટાડીને ૨૮ ટકા સુધી કરી શકાય છે. બજેટમાં કૃષિ ક્ષેત્રમાં રોકાણ અને મોટા માળખાકીય પ્રોજેક્ટ પર ખર્ચ વધારી દેવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે. રોજગાર પર ખાસ ધ્યાન રહેશે. નાણાંપ્રધાન આવકવેરા સલેબમાં કેટલાક ફેરફાર કરી શકે છે. હાલમાં અઢી લાખ સુધીની આવક કરમુક્ત છે. કોર્પોરેટ ટેક્સ રેટને ઘટાડી દેવામાં આવે તેવી શક્યતા છે. કંપનીઓ માટે ડીડીટી ખતમ કરવામાં આવે તેવી શક્યતા છે. આ વખતે નોટબંધી અને જીએસટીના કારણે આર્થિક વિકાસની ગતિ ધીમી પડી છે. સાથે સાથે મોટા ભાગના ક્ષેત્રોમાં પણ મંદી આવી છે. આવી સ્થિતીમાં આરોગ્ય, કૃષિ, શિક્ષણ, ઈન્ડસ્ટ્રીઝ અને અન્ય તમામ જરૂરી સેક્ટરોની માગને પૂર્ણ કરવા માટે જેટલી સંતુલિત પ્રયાસ કરે તેમ માનવામાં આવે છે. સામાન્ય લોકો નોટબંધી અને જીએસટીના કારણે ખુબ

● અનુસંધાન પાન-૭ પર

## અંદાજપત્ર માટે અપેક્ષાઓ...

- નોટબંધી, જીએસટી બાદ બજેટમાં મધ્યમવર્ગને ઘણી બધી રાહતો મળી શકે છે
- ટેક્સ સ્લેબમાં ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા પ્રબળ દેખાઇ રહી છે
- ત્રણ લાખ સુધીની આવક ટેક્સ મુક્ત કરવામાં આવી શકે છે
- કંપની કરના દરમાં ઘટાડો કરીને તેને ૨૮ ટકાના સ્તર પર લાવવામાં આવી શકે છે
- બચત સાધનોમાં મૂડીરોકાણની મર્યાદાને વધારવામાં આવી શકે
- વ્યક્તિગ કરદાતાઓને રાહતો આપવામાં આવી શકે છે
- કોર્પોરેટ દ્વારા મૂડીરોકાણને પ્રોત્સાહન અપાઈ શકે છે
- જેટલી આવકવેરા મુક્તિ મર્યાદામાં ૫૦ હજાર સુધીનો વધારો કરી શકે છે
- આરોગ્ય વીમામાં મૂડીરોકાણ મર્યાદામાં મુક્તિ વધી શકે છે
- કોરસેક્ટરના ભાગરૂપે ટેક્સ બચત માળખામાં સુધારો કરાશે
- હાઉસિંગ લોનની ફેર ચુકવણી ઉપર ટેક્સ મુક્તિ મર્યાદામાં વધુ સુધારો કરવામાં આવી શકે છે
- કોર્પોરેટ અથવા તો વ્યક્તિગતો ઉપર સરચાર્જના રેટમાં સુધારો નહીં કરાય
- સંરક્ષણ ક્ષેત્રની ફાળવણીમાં ૧૦ ટકા સુધીનો વધારો થઈ શકે છે
- જીએસટીના અમલીકરણ બાદ પડેલી તકલીફોને લઈને કેટલીક જાહેરાત થઈ શકે છે
- ડ્યુટી માળખાને વધુ તર્કસંગત બનાવવામાં આવી શકે છે
- મોટી વયના લોકો ઉપર પણ યુવાનોની સાથે-સાથે ધ્યાન આપવાની જરૂર છે
- બજેટમાં વધુ ફાળવણી મોટી વયના લોકો માટે કરવા રજુઆત કરવામાં આવી
- મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા જાહેરાત થઈ શકે છે
- મેક ઈન ઈન્ડિયાને વધુ ઝડપી બનાવાશે
- ૨૫ મોટા સેક્ટર ઓળખી કાઢવામાં આવ્યા છે તે પૈકી એક સેક્ટર લેધર સેક્ટર પણ છે
- માઈક્રો અને નાના ઉદ્યોગો દ્વારા લેધર શૂઝ બનાવવામાં આવે છે જેથી રાહત આપી શકાય છે
- બજેટમાં ટ્યુરિઝમને પ્રોત્સાહન આપવા ઘણી પહેલ થશે
- એલટીએ અને એલટીસીના સ્કોપને વધુ વિસ્તૃત કરાશે
- ટેક્સ બેનિફિટના હેતુથી પ્રવાસ ઉપરાંત અન્ય હોટલો અને બીજા ખર્ચાઓને સામેલ કરાશે
- મોદી ટ્યુરિઝમને પ્રોત્સાહન આપવા ઈચ્છુક દેખાઈ રહ્યા
- જુદા જુદા પ્રદેશોમાં વિકાસની ગતિને ઝડપી કરાશે
- વ્યક્તિગતોને કેટલીક ટેક્સ રાહતો પણ આપવા માટે નાણામંત્રી જેટલીની તૈયારી
- ભારતીય યુનિવર્સિટી અને રિસર્ચ સંસ્થાઓમાં એડવાન્સ અભ્યાસક્રમ તૈયાર કરવા ઉદ્યોગ-શૈક્ષણિક સહકારને મહત્વ
- મજબૂત ટેલેન્ટપુલ વિકસિત કરવાની જરૂરીયાત પર ભાર મુકવામાં આવી શકે

# ઐતિહાસિક ખગોળીય ઘટના

**ત્રણ કલાકથી પણ વધુ સમય સુધી અદ્ભૂત ખગોળિય ઘટનાનો નજારો જોવા મળ્યો : વૈજ્ઞાનિકોની ચાંપતી નજર**

નવીદિલ્હી,તા. ૩૧

૩૫ વર્ષના લાંબાગાળા બાદ આજે સંપૂર્ણ ચંદ્રગ્રહણ જોવા મળ્યું હતું. ચંદ્ર આજે દરરોજની ચંદ્રગ્રહણ સાંજે ૬.૨૦ વાગ્યાની આસપાસ શરૂ થઈ ગયું હતું. પૂર્વ દિશામાં ચંદ્રગ્રહણ નરી આંખે જોઈ શકાય તેવી સ્થિતિ હતી. અમદાવાદ

**● ૩૫ વર્ષના લાંબાગાળા બાદ પૂર્ણ ચંદ્રગ્રહણ**
**● સાંજે ૬.૨૦ વાગ્યાથી શરૂ થયો નજારો**

સરખામણીએ ૧૪ ગણો વધારે મોટો અને ૩૦ ટકા વધારે ચમકદાર દેખાયો હતો. આ ઘટનાને નાસા વૈજ્ઞાનિકોએ સુપર બ્લુ મુન નામ આપ્યું છે. અદ્ભુત ખગોળિય ઘટનાને નિહાળવા માટે વૈજ્ઞાનિકો પહેલાથી જ કમરકસી ચુક્યા હતા. નિષ્ણાતોનું કહેવું છે કે, આ વર્ષે બે ચંદ્રગ્રહણ અને ત્રણ સૂર્યગ્રહણ જોવા મળનાર છે. ૩૧મી જાન્યુઆરી ૨૦૩૭માં પણ બ્લૂમૂન જોવા મળશે. વર્ષનું પ્રથમ શહેરમાં સાંજે ૬.૨૦ વાગ્યાથી આની શરૂઆત થયા બાદ ૯.૪૦ વાગ્યા સુધી તેની અસર રહી હતી. દુનિયામાં ૧૫૦ વર્ષ બાદ આ પ્રકારની ઘટના જોવા મળી રહી છે. બ્લૂ મૂન, બ્લડ મૂ અને સુપર મૂન એક સાથે દેખાયા હતા. આ પૂર્ણ ચંદ્રગ્રહણ રહ્યું હતું. જેના ભાગરુપે ચંદ્ર પૃથ્વીના પડછાયાથી અમુક સમય માટે સંપૂર્ણપણે ઢંકાઈ જાય છે. આ ગ્રહણ આજે સમગ્ર દેશમાં

● અનુસંધાન પાન-૭ પર



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## દિલ્હી દેશનું સૌથી પ્રદૂષિત શહેર, દેહરાદૂન પણ ટોપ ૧૦માં..!!

ન્યુ દિલ્હી,તા.૩૧

ભારતમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના લગભગ ૪.૭ કરોડ બાળકો સૌથી વધુ પ્રદૂષિત વિસ્તારમાં રહે છે જેમાંનાં ૧.૭ કરોડ બાળકો નિર્ધારિત માત્રા કરતાં બમણું પ્રદૂષણ ધરાવતા વિસ્તારમાં રહે છે, એમ તાજેતરમાં જ પ્રકાશિત થયેલા એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. હવાની ગુણવત્તાના રાષ્ટ્રીય ધોરણ કરતાં દિલ્હીમાં પાર્ટિક્યૂલેટ મેટર (પીએમ૧૦)નું વાર્ષિક સરેરાશ પ્રમાણ પાંચગણું વધારે જોવા મળતું હોવાને કારણે તે દેશનું સૌથી અસરગ્રસ્ત અને પ્રદૂષિત શહેર લેખાય છે, પીએમ-૧૦ની વાર્ષિક સરેરાશને આધારે આપવામાં આવેલા રેંક્રિંગમાં દિલ્હી દેશનું સૌથી પ્રદૂષિત શહેર હોવાનું બહાર આવ્યું હતું. ઉત્તરાખંડ અને દેહરાદુનનો પણ દેશના સૌથી પ્રદૂષિત ટોચના દસમાં સમાવેશ થાય છે.

# અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં ૬.૧ની તીવ્રતાનો પ્રચંડ ધરતીકંપ

**પાકિસ્તાનના ક્વેટામાં એકનું મોત : અનેક ઘાયલ બપોરના ગાળામાં આવેલા પ્રચંડ આંચકાની અસર હેઠળ દિલ્હી-એનસીઆર, હિમાચલ, ઉત્તરપ્રદેશ, પંજાબમાં અસર : ભૂકંપનું કેન્દ્ર હિન્દુકુશ પહાડી**

નવીદિલ્હી,તા. ૩૧

અફગાનિસ્તાન-તઝાકિસ્તાન સરહદ ઉપર આજે ૬.૧ની તીવ્રતાનો પ્રચંડ આંચકો અનુભવયા બાદ તેની સીધી અસર એનસીઆરના વિવિધ વિસતારોમાં આની અસર જોવા મળી હતી. લોકો સુરક્ષા માટે ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે, જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા



ઉત્તર ભારતના અન્ય ભાગોમાં થઈ હતી જેમાં રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને કાશ્મીર ખીણનો સમાવેશ થાય છે. દિલ્હી અને નથી. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-તઝાકિસ્તાન સરહદ નજીક હોવાનું જાણવા મળ્યું છે. આનું કેન્દ્ર ૧૯૦ કિલોમીટર જમીનની નીચે હોવાનું જાણવા મળ્યું છે. નવી દિલ્હીમાં દિલ્હી મેટ્રો ટ્રેનોને ટુંકાગાળા માટે રોકવામાં આવી હતી. જો કે, સેવા યથાવત રાખવામાં આવી હતી. ખીણમાં પણ આની અસર જોવા મળી હતી. લોકો ઈમારતો અને વાહનોમાંથી બહાર આવી ગયા હતા. અધિકારીઓએ સાવચેતીના પગલારુપે વિજપુરવઠો કાપી નાંખ્યો હતો. કાશ્મીરના અનેક ભાગોમાં પણ આંચકો અનુભવાયો હતો અને ઓકટોર ૨૦૦૫ના વિનાશકારી ભૂકંપની યાદ તાજી થઈ હતી જેમાં ભારે નુકસાન થયું હતું. આજે અફઘાનિસ્તાન-પાકિસ્તાન અને ઉત્તર ભારતના જુદાજુદા ભાગોમાં આંચકા અનુભવાયા હતા. ૬.૧ની તીવ્રતાના આંચકાથી અફઘાનિસ્તાનની સાથે પાકિસ્તાનના બલુચિસ્તાનમાં નુકસાન થયું છે. અનેક મકાનોમાં તિરાડો પડી ગઈ છે. દિલ્હીના બહાદુરશાહ ઝફર માર્ગ ઉપર ઓફિસમાંથી લોકો બહાર દોડી આવ્યા હતા. હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પંજાબમાં પણ આંચકા અનુભવયા હતા.

● અનુસંધાન પાન-૭ પર




## લોકસભા ચૂંટણી પહેલા વિપક્ષની એકતા માટે કોંગ્રેસે રાખ્યું ડિનર

ન્યુ દિલ્હી,તા.૩૧

લોકસભા ચૂંટણી માટે વિપક્ષને એકજૂટ કરવા માટે ૯ ફેબ્રૂઆરીના રોજ સોનિયા ગાંધી આવાસ પર ડિનરનું આયોજન કરવામાં આવશે. બજેટના એક દિવસ પહેલાં સોનિયા ગાંધીના નિવાસસ્થાને એક બેઠક પણ થશે. આ ડિનર પાર્ટીનું આયોજન ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ એકજૂટ થવા માટે કરવામાં આવી રહ્યું છે. આ પહેલાં પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની ઉપસ્થિતિ અંગે ક્યાસ લગાવવામાં આવી રહ્યાં છે. કહેવાઈ રહ્યું છે કે, તેઓ કોંગ્રેસથી નારાજ છે. મમતાએ પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે કે, તેઓ બીજી પંક્તિમાં બેસનાર નેતા બનીને નહીં રહે. કોંગ્રેસ નેતૃત્વએ મમતા બેનર્જીને સંપર્ક કરી તેમની પાસે સમય માંગ્યો, જેથી તેઓ સંયુક્ત વિપક્ષી જૂથની બેઠકમાં ભાગ લે. આ પહેલાં સોનિયા ગાંધીએ ૧ ફેબ્રૂઆરીના રોજ વિપક્ષી નેતાઓ બેઠક બોલાવી છે. આ બેઠકમાં એનસીપી, બીએસપી, એસપી. ટીએમસી વગેરે પાર્ટીઓ આ બેઠકમાં ભાગ લેશે. આ બેઠકમાં બજેટ સત્રમાં વિપક્ષની રણનીતિ પર ચર્ચા કરવામાં આવશે. જાણકારી અનુસાર, શરદ પવારના ઘરે વિપક્ષી દળોના નેતાઓની ૧ ફેબ્રૂઆરીના રોજ બેઠક થશે.

સેમિનાર બજેટ ૨૦૧૮
ગાંધીનગરના તમામ નાગરિકોને આમંત્રણ
2018 Budget
- બજેટ 2018 પછી હું મારા આવક વેરા ને કઈ રીતે ઓછો કરી શકું?
- મારા આધાર નંબર ને બેંક ખાતા અને અન્ય ઈન્વેસ્ટમેન્ટ સાથે લિંક કરવાથી શુ થશે?
- શેર માર્કેટ ના વ્યવહારો પર કરની અસર અને વેલ્થ ક્રિએશન.
- આવનાર 3 થી 5 વર્ષમાં GST ની મારા ધંધા પર શુ અસર આવશે?
- શુ Bitcoin જેવી ક્રિપ્ટો કરંસીમાં ઈન્વેસ્ટ કરવું હિતાવહ છે?
- નવેમ્બર ડિસેમ્બર 2016 દરમિયાન જમા કરાવેલી જુની ચલણી નોટ ની ટેક્સ પર શું અસર આવશે?
- બેનામી ટ્રાન્ઝેકશન્સ એક્ટ, GST, Demonetisation, આધારને બેંક ખાતા વગેરે સાથે જોડવાથી કાળા નાણાં સામે લડવાની સરકારની શું યોજના છે?

ફ્રી એન્ટ્રી



ખ્યાતનામ સ્પીકર
CA બ્રિજેશ ઠાકર
(નેશનલ જીએસટી ટ્રેનર, કર નિષ્ણાત, સીએમાં નેશનલ રેન્કર, જીએસટી પુસ્તકના લેખક)

તારીખ
૦૩-૦૨-૨૦૧૮, શનિવાર
સમય : સાંજે ૬ વાગ્યાથી

સ્થળ
સ્ટાફ ટ્રેનિંગ કોલેજ હોલ, ચ-૫ નજીક, સેક્ટર - ૧૭, ગાંધીનગર.

:સંપર્ક:
ISBA CONSULTANCY
A-222-223, બીજા માળે, સિદ્ધરાજ ઝોરી, સરગાસણ ક્રોસ રોડ નજીક, ખ-૦, ગાંધીનગર.
Mo. : 98244 05437 • Email : info.isbaconsultancy@gmail.com
ISBA CONSULTANCY catering business needs